જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૪/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>
<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૮૧૦/૧૭</u>

## <u>વેજલપુર વિસ્તારમાં આવેલ વિશાલ જનરલ સ્ટોર્સ નામની દુકાનમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી રૂ.૮૨,૨૪૦/- ના મુદ્દામાલ સાથે બે આરોપીની ધરપકડ કરતી અમદાવાદ શહેરએસ.ઓ.જી. ક્રાઇમબ્રાન્ચ</u>

સંયુક્ત પોલીસ કમિશનરશ્રી તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચનાથી એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા તથા બનેલ ગુના શોધી કાઢવા તથા બનતા ગુના અટકાવવા સારૂં એસ.ઓ.જી.ના પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ નાઓ પોતાની ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન જુહાપુરા અંબર ટાવર આગળ આવતાં સાથેના હે.કો. જયેન્દ્રસિંહ વિક્રમસિંહ તથા પો.કો.જીતેન્દ્રકુમાર ત્રિકમલાલ નાઓની સંયુકત બાતમી હકીકત આધારેઆરોપીઓ(૧) મોહમદસોહીલ ઉર્ફે ડુચા s/o મોહમદજુબેર શેખ ઉ.વ.૧૯ રહે, મ.નં.૬૪, અલમ-૨ ફ્લેટ, જીન્નત-૨ મહોલ્લો, ફતેવાડી કેનાલની પાછળ, ફતેવાડી, અમદાવાદ (૨) આસીફ સિદ્દીકભાઇ શેખ ઉ.વ.૧૯ રહે, દિલ્હી હીતજાન જનરલ સ્ટોર્સની સામે, જીન્નત-૨ મહોલ્લો, ફતેવાડી કેનાલની પાછળ, ફતેવાડી, અમદાવાદ નાઓને ઓટોરીક્ષા સાથે ઝડપી લઇ તેઓની પાસેથી ચાંદીના સિક્કા નંગ ૧૨૬ જેનું વજન ૨૨૦ ગ્રામ કિ.રૂ.૯૨૪૦/- તથા સોનાની વીંટી વજન ૧.૧૮૦ ગ્રામ કિ.રૂ.૩૦૦૦/- તથા ઓટોરીક્ષા કિ.રૂ.૭૦,૦૦૦/- ગણી કુલ કિ.રૂ.૮૨,૨૪૦/- નો મુદ્દામાલ કબ્જે કરેલ જેઓએ પ્રથમ પુછપરછમાં કોઇ સંતોષકારક જવાબ નહી આપતાં તેઓની સઘન પુછપરછ કરતાં જણાવેલ કે, બંન્ને આરોપીઓએ આજથી પંદર દિવસ અગાઉ રાતના સમયે સંભવતીર્થ કોમ્પલેક્ષમાં આવેલ વિશાલ જનરલ સ્ટોર્સ નામની દુકાનનું શટર તોડી તેમાંથી ચાંદીના સિક્કા તથા એક સોનાની વીંટીની ચોરી કરેલ અને આજરોજ રીક્ષા લઇ ચોરી કરેલ સિક્કા તથા વીંટી વેચવા સારૂં શહેર તરફ જતા હતા તે વખતે ઝડપી લેવામાં આવેલ છે આ ચોરી અંગે વેજલપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૮૪/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭ મુજબનો ઘરફોડ ચોરીનો ગુનો દાખલ થયેલ છે અને આ કામના બંન્ને આરોપીઓને આજરોજ તા.૧૭/૦૪/૨૦૧૭ ના કલાક૧૬/૩૦ વાગે અટક કરી આગળની કાર્યવાહી માટે વેજલપુર પોલીસ સ્ટેશન સોંપેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## ઓઢવ પોલીસ સ્ટેશનઃ

**મિલ્કત સબંધી આરોપીને પકડવા બાબત ઓઢવ પોલીસ સ્ટેશન**

ઉપરી અધિકારીશ્રીઓની સુચના મુજબ મિલ્કત સબંધી આરોપીઓ સબંધે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નીચે મુજબની સારી કામગીરી કરવામાં આવેલ છે

ઓઢવ પો સ્ટે ફસ્ટ.ગુ.ર.ન.૧૦૫/૧૭ ઈપીકો કલમ.૩૯૪,૧૧૪,તથા જીપી એક્ટ કલમ.૧૩૫(૧)ના કામના ફરીયાદી સમીર સ/ઓ વજુદીન મોસીનઅલી લાકડા વાળા રહે.૨૬ ગુલીસ્તાન સોસાયટી સાહ આલમ દરવાજાની અંદર દાણીલીમડા અમદાવાદ નાઓની ફરીયાદના કામે ગઈ તા.૧૪/૦૪/૧૭ ના રોજ તેનો ડ્રાઈવર બળદેવ ઉર્ફે બડીયો સ/ઓ મનજીભાઇ ભાભોર રહે.કાસીરામ ટેકસટાઈલ ચાર રસ્તા ઈરફાનભાઈ ના લાકડાના પીઠામાં નારોલ અમદાવાડ મુળ ગામ.મોટી ગરજ રમેશભાઈ સરપંચના મકાનની બાજુમાં દાહોદનાઓ આઇસરમાં નીલગીરીના લાકડા ભરી મોડાસા ગયેલ અને જેના રૂપિયા.૧,૬૦,૦૦૦/-વેપારીએ આપતા જે લઈ પરત આવતા ઓઢવ રીંગરોડ સફારી હોટલ સામે જાહેર રોડ ઉપર બે અજાણી મોસા ઉપર આવેલ ચાર અજાણ્યા ઇસમો આઇસર ઊભી રખાવી આઇસરમાં ચઢી જઇ ચપ્પુ બતાવી લુંટ કરી નાસી ગયેલ હોવાની ઉપરોક્ત ફરીયાદ દાખલ થતા જે અનુસંધાને ઉપરી અધિકારીઓના માર્ગદર્શન તેમજ સૂચના આધારે પો સબ ઇન્સ આર એન ખાંટ તથા સર્વેલન્સ સ્કોડ ના માણસોએ આઇસરના ડ્રાઈવરની યુક્તી પ્રયુક્તીથી પુછપરછ કરતાં ઉપરોક્ત ગુનો પોતે કરેલ હોવાની કબૂલાત કરતાં ડ્રાઈવર પાસેથી રોકડા રૂપિયા ૧,૬૦,૦૦૦/-કબ્જે લઈ ડ્રાઈવર બળદેવ ઉર્ફે બડીયો સ/ઓ મનજીભાઇ ભાભોર રહે.કાસીરામ ટેકસટાઈલ ચાર રસ્તા ઈરફાનભાઈ ના લાકડાના પીઠામાં નારોલ અમદાવાદનાને તા.૧૭/૦૪/૧૭ ના કલાક.૨૧/૩૦ વાગે ઈપીકો કલમ.૩૮૧ ૪૦૬ મુજબ ધોરણસર અટક કરી કરી આરોપી પાસેથી મુદામાલ રીકવર કરી મિલ્કત સબંધી ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૧૮/૪/૧૭

**આરોપી**





Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સરદારનગર પોલીસ સ્ટેશનઃ-</u>**

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન નાઓ ની સુચના આધારે સીનીયર પો.ઇન્સ શ્રી સરદારનગર પો.સ્ટે તથા પો.સ.ઇ પી.જે ખરસાણ તથા પોકો દીપાલસિંહ અનવરસિંહ બ.નં ૮૮૨૧ તથા પોકો કપીલભાઇ કાંતીભાઇ બ.નં ૯૮૯૮ તથા પોકો પ્રદીપકુમાર રામાભાઇ બ.નં:૨૮૫૫ નાઓની સાથે કુબેરનગર પોલીસ ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક ૨૧/૦૦ વાગ્યે દેવભાલી બજાર સ્ટેટ બેંકની પાસે આવતા અમોને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે દેવભાલી બજાર મહાદેવના મંદીરની બાજુમાં આવેલ સરદારનગર કુબેરનગર ડી વોર્ડ મ.નં ડી/૧૫૧માં રહેતો નિલેશભાઇ વાસુદેવભાઇ ગંગવાણી નામનો ઇસમ પોતાના રહેણાક મકાનમાં બહારથી કેટલાક માણસો બોલાવી હાલમાં આઇપીએલની પંજાબ અને હૈદ્રાબાદ વચ્ચે ચાલતી ૨૦-૨૦ મેચ પર ઓવરદીઠ રન પ્રમાણે ભાવ કેર કરી સટ્ટો રમી રમાડે છે જે હકીકત આધારે બે પંચોના માણસો તથા જુગાર અંગે ના રેડ નુ વોરંટ નં ૧૪૨/૧૭ મુજબની સાથે રેડ કરતા સદરીના મકાનમાં ક્રીકેટ સટ્ટો રમતા જણાયેલ જેઓના નામ ઠામ પુછતા <u>(૧) નિલેશભાઇ ઉર્ફે વાસુદેવભાઇ બાલચંદભાઇ ગંગવાણી ઉ.વ:૨૧ રહે: મ.નં ડી/૧૫૧ ડી વોર્ડ કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર - ૨=૩. પકડાઇ જતા તેઓની અંગ જડતી ત્રણ મોબાઇલ ફોન કિંમત રૂ ૧૦૦૦૦/- તથા ટીવી કિંમત રૂ ૫૦૦૦/- તથા સેટ અપ બોક્ષ કિંમત રૂ ૧૦૦૦/- તથા એક નોટ બુક કિંમત રૂ ૦૦ તથા એક પેન કિંમત રૂ ૫ સાથે મળી કુલ્લે રૂ. ૧૬૦૦૫/- ની</u> મતા સાથે પકડાઇ જતા કાયદેસરની જુગાર ધારા કલમ ૪,૫ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)